# GST કાયદાની સમજ આપતી માર્ગદર્શિકા

તા. ૧૯-૮-૨૦૧૬


: સંકલન :

**નયન શેઠ**

એડવોકેટ

ચેરમેન, VAT - GST કમિટી, જી.સી.સી.આઈ. (૨૦૧૬-૧૭)


કિંમત : નિઃશુલ્ક


: પ્રકાશક :

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી


## GST ના પ્રકાર કેટલા ?

**GST ના ત્રણ પ્રકાર રહેશે :**

૧. SGST કે જેમા વેટ, મનોરંજન કર, લકઝરી ટેક્ષ, લોટરી, બેટીંગ અને ગેમ્બલીંગ પરનો વેરો, માલ અને સર્વીસ પર રાજ્યોના લાગતા સેસ અને સરચાર્જ તેમજ ઓક્ટ્રોયના વિકલ્પે લાગતા એન્ટ્રી ટેક્ષનો સમાવેશ થઇ જશે. આ કાયદો રાજ્યની વિધાનસભા ધ્વારા ઘડવામાં આવશે અને વેરો રાજ્ય ધ્વારા લેવાશે.

૨. CGST કે જેમા એકસાઈઝ ડ્યૂટી, વધારાની એકસાઈઝ ડ્યૂટી, મેડીસીનલ અને ટોયલેટરીઝ પ્રમોશન એક્ટ હેઠળ લાગતી એકસાઈઝ ડ્યૂટી, સર્વીસ ટેક્ષ, વધારાની કસ્ટમ ડ્યૂટી, સ્પેશીયલ એડીશનલ ડ્યૂટી ઓફ કસ્ટમ્સ, સેસ અને સરચાર્જનો સમાવેશ થશે. આ કાયદો સંસદ ધ્વારા ઘડવામાં આવશે અને વેરો કેન્દ્ર ધ્વારા લેવાશે.

૩. IGST કે જેમા માલ અને સેવાઓના આંતર રાજ્ય વ્યવહારો પર વેરો લાગશે. આ કાયદો સંસદ ધ્વારા ઘડવામાં આવશે અને વેરો કેન્દ્ર ધ્વારા લેવાશે.

## VAT અને GST માં ફરક શું ?

વેટ અને વેચાણવેરા કાયદામાં ખરીદ અને વેચાણના વ્યવહાર પર વેરો લાગે અને એકસાઈઝ ડ્યૂટી ઉત્પાદન પર લાગે. જ્યારે GST માલ અને સેવાઓના સપ્લાય પર વેરો લાગે. વેચાણ અને ખરીદ ના વ્યવહાર ગણવાની અગત્યની શરતોમાં બે પક્ષકારો હોવા, માલની માલિકીની વેચનાર પાસેથી ખરીદનારને તબદીલી અને તે બદલ ખરીદનાર ધ્વારા ચૂકવાનો કિંમતી અવેજ અગત્યના છે. જ્યારે GST માં સપ્લાય પર વેરો લાગે અને સપ્લાયની કલમ ૩ માં આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ તેમા તમામ પ્રકારના સપ્લાયનો સમાવેશ થાય જેમ કે વેચાણ, ટ્રાન્સફર, બાર્ટર, એક્ષચેન્જ, લાયસન્સ, લીઝ, ભાડે આપવુ કે કોઇ પણ રીતે માલ કે સેવાઓનો અવેજના બદલામાં ધંધા દરમ્યાન કે ધંધાના વિકાસ માટે નિકાલ કરવો. આમ સપ્લાય માટે બે પક્ષકારનુ હોવુ કે માલિકીની તબદીલી થવી જરૂરી નથી અને છતા તે સપ્લાય ગણાશે જેના પર વેરો લાગશે. આમ એક જ કંપનીની એક બ્રાન્ચ માંથી બીજી બ્રાન્ચમાં માલ કે સેવાની તબદીલીને સપ્લાય ગણાશે, જેના પર વેરો લાગશે. આજ રીતે એકસાઈઝ ઉત્પાદન પર લાગે છે તેના બદલે તે પણ સપ્લાય પર લાગશે.

## સપ્લાયમાં શાનો સમાવેશ થાય ?

ઉપર જણાવ્યા પ્રમાણેના માલ કે સેવાની તબદીલી કરતા વ્યવહારો ઉપરાંત નીચેના વ્યવહારોનો પણ સપ્લાયમાં સમાવેશ થશેઃ

૧. કોઇ અવેજના બદલામાં કે શિવાય અને ધંધા દરમ્યાન કે ધંધાના વિકાસ અર્થે કે તે સિવાય, દેશ બહારથી આયાત કરેલ સેવાઓ

૨. નીચેના વ્યવહારો કે જેમા કોઇ અવેજ હોય કે ન હોય તો પણ તેનો સપ્લાયમાં સમાવેશ થશેઃ

   ૧. ધંધાની મિલ્કતની કાયમી તબદીલી કે નિકાલ

   ૨. ધંધાની મિલ્કતનો કામચલાઉ રીતે ધંધા સિવાય કે ખાનગી ઉપયોગ

   ૩. સેવાઓનો ખાનગી કે ધંધા સિવાય ઉપયોગ

   ૪. નોંધણી નંબર રદ થયા બાદ રાખી મૂકવામાં આવેલ મિલ્કત

   ૫. કરપાત્ર વ્યક્તિ ધ્વારા અન્ય કરપાત્ર કે બીજી કોઇ વ્યક્તિને ધંધા દરમ્યાન કે ધંધાના વિકાસ માટે માલ કે સેવાઓનો સપ્લાય

   એ નોંધ લેવી રહી કે નોંધાયેલ કરપાત્ર વ્યકિત ધ્વારા જોબ વર્કરને માલ મોકલવામાં આવે તે સપ્લાય ગણાશે નહી.

૩. ખરીદી કે વેચાણના કમિશન એજન્ટ નિયુક્ત થયા હોય ત્યારે એજન્ટ અને પ્રીન્સીપાલ વચ્ચેના વ્યવહારો સપ્લાય ગણાશે.

૪. ઇલેકટ્રોનીક કોમર્સ સપ્લાયર્સ ધ્વારા પૂરી પાડવામાં આવતી બ્રાન્ડેડ સર્વીસીસ એ સપ્લાય ગણાશે.



## સપ્લાયની કિંમત શું ગણાશે ?

માલ કે સેવાના સપ્લાયના વ્યવહારમાં જો બન્ને પક્ષકારો એક બીજાના સંબંધિત ન હોય અને કિંમત જ સપ્લાય માટેનું અવેજ હોય ત્યારે વ્યવહાર માટે ચૂકવેલ કે ચૂકવવા પાત્ર કિંમત સપ્લાયની કિંમત ગણાશે કે જેના પર વેરો ભરવાની જવાબદારી ઉપસ્થિત થશે. તેમા નીચેની રકમોનો પણ સમાવેશ થશેઃ

૧. સપ્લાય કરનારે જે રકમ ચૂકવવી જોઇતી હતી પરંતુ માલ કે સેવા મેળવનારે તે ચૂકવી હોય અને તેનો સમાવેશ સપ્લાયની કિંમતમાં ન થતો હોય.

૨. વિના મુલ્યે કે ઓછી કિંમતે ખરીદનારે સપ્લાય માટે પૂરા પાડેલ માલ કે સેવાઓ કે જે રકમનો સપ્લાયની કિંમતમાં સમાવેશ કરવામાં ન આવેલ હોય.

૩. માલ કે સેવાઓ મેળવનારે ચૂકવવાની રોયલ્ટી કે લાયસન્સ ફીની રકમ.

૪. CGST, SGST અને IGST કાયદાઓ સિવાયના કાયદાઓ હેઠળ લાગતા વેરા, ફી અને કરો.

૫. સપ્લાયને લગતા આનુસંગિક ખર્ચાઓ જેવા કે પેકીંગ, વીમા વિગેરે અને તેમા માલ કે સેવાઓ આપતા કે તે પહેલાના સમયે કરવામાં આવેલ કોઇ પણ પ્રવૃતિ પેટે ચૂકવવા પાત્ર રકમનો પણ સમાવેશ થશે.

૬. વેચનારે ચૂકવેલ અને ખરીદનારે ભરપાઇ કરેલ કોઇ પણ ખર્ચા.

૭. સપ્લાય સાથે સંકળાયેલ કોઇ પણ પ્રકારની સબસીડીની રકમ.

૮. સામાન્ય રીતે બીલમાં અપાયેલ ડીસ્કાઉન્ટ જ બાદ મળશે. પરંતુ સપ્લાયના સમયે નકકી હોય અને બીલ સાથે સાંકળી શકાય તેવુ ડીસ્કાઉન્ટ પાછળથી અપાય તો તે મળવાપાત્ર રહેશે. અન્યથા ડીસ્કાઉન્ટની રકમ બાદ ત્યારે જ મળશે જ્યારે તે સામાન્ય ધંધાની રીતરસમ મુજબનું અને બીલમાં આપવામાં આવેલ હશે.

## કેટલાક વ્યવહારો કે જેમા નિયમ મુજબ સપ્લાયની કિંમત નક્કી થશે

નીચેના વ્યવહારોમાં ઉપર જણાવ્યા પ્રમાણે કિંમત નક્કી ન થઇ શકે ત્યારે તેની કિંમત નિયમો પ્રમાણે નક્કી થશે:

૧. જ્યારે વ્યવહારનો અવેજ પૂરેપૂરો કે આંશિક રીતે નાણાંમા ચૂકવવાનો ન હોય

૨. જ્યાં બન્ને પક્ષકારો એક બીજાના સંબંધિ હોય

૩. જ્યાં જાહેર કરેલ કિંમત વિવાદીત હોય કે સાચી હોવાનું સ્વીકારી શકાય તેમ ન હોય

૪. પ્યોર એજન્ટ, મની ચેન્જર, વીમો ઉતારનાર, હવાઇ મુસાફરીનો એજન્ટ કે લોટરી ટિકિટ વેચનાર કે વહેંચનાર એજન્ટ.

૫. બીજા એવા સપ્લાય કે જે GST કાઉન્સીલની ભલામણથી રાજ્ય કે કેન્દ્ર સરકાર ધ્વારા નોટીફાય કરવામાં આવે.

## કિંમત નક્કી કરવાના નિયમની જોગવાઇ

જ્યારે ઉપર જણાવેલ સંજોગોમાં સપ્લાયની કિંમત વ્યવહાર પરથી નક્કી ન થઇ શકે તેમ હોય ત્યારે તે નક્કી કરવા માટેના નિયમો મુજબ સપ્લાયની કિંમત નીચે પ્રમાણે નક્કી કરવામાં આવશે

૧. જે માલ કે સેવાનો વ્યવહાર હોય તેના સમાન બીજા વ્યવહારમાં સંકળાયેલ કિંમત

૨. માલ કે સેવા મેળવવાની પડતર કિંમતમાં ખર્ચા અને નફો ઉમેરીને નક્કી થતી રકમ

૩. અન્ય કોઇ પણ વાજબી ધોરણ અપનાવીને

## વેરા પર વેરો લાગશે નહી

એક અગત્યના ફેરફારની પણ નોંધ લેવી રહી કે હાલ એકસાઇઝ ઉમેર્યા પછીની કિંમત પર વેટ લાગે છે પરંતુ GST માં SGST અને CGST બન્ને સમાન કિંમત પર લાગશે. આમ વેરા પર વેરો લાગશે નહી.હાલ એકસાઇઝ ડયૂટી ફક્ત ઉત્પાદકના તબક્કે લાગે છે તેના બદલે CGST સપ્લાયના તમામ તબક્કે લાગશે.



## માલ સપ્લાય થયેલ ક્યારે ગણાય ?

અ. નીચેમાંથી જે વહેલુ થાય તે સમયે માલનો સપ્લાય થયેલ ગણાશે:

૧. જ્યારે માલ ખસેડી શકાય તેમ હોય ત્યારે જે દિવસે માલ પ્રાપ્ત કરનારને મોકલવા માલ ખસેડવામાં આવે તે દિવસ

૨. નીચેના સંજોગોમાં માલ ખસેડી શકાય તેમ ન હોય ત્યારે જ્યારે માલ પ્રાપ્ત કરનારને માલ હવાલે કરવામાં આવે તે દિવસ:

અ. માલ ફીઝીકલી ખસેડી શકાય તેવો ન હોય

બ. જ્યારે માલ એસેમ્બલ્ડ કે સ્થાપિત સ્વરુપમા હોય

ક. એજન્ટ અને પ્રીન્સીપાલ વચ્ચેના વ્યવહારો

૩. સપ્લાયનું બીલ જે તારીખે આપવામાં આવેલ હોય

૪. સપ્લાયનું પેમેન્ટ જે તારીખે પ્રાપ્ત થાય

૫. માલ મેળવનાર ધ્વારા ચોપડે માલ મળ્યાની નોંધ કરવામાં આવે.

બ. કેન્દ્ર કે રાજ્ય સરકાર ધ્વારા નોટીફીકેશન ધ્વારા નિર્દિષ્ટ સતત સપ્લાય ગણાતા માલના કિસ્સામાં સમાયાંતરે અપાતા હિસાબો કે ચૂકવણાની છેલ્લી તારીખ અને જ્યાં આવા સમાયાંતરે હિસાબો કે ચૂકવણુ ન થતુ હોય ત્યાં સપ્લાયનું બીલ અને તેનુ ચૂકવણુ બેમાંથી જે પહેલુ થાય તે સપ્લાયની તારીખ ગણાશે.

ક. જ્યાં રીવર્સ ચાર્જ બેઝીઝ પર માલ મેળવનારે વેરો ભરવાનો હોય ત્યાંનીચેમાંથી જે વહેલુ થાય તે સમયે માલનો સપ્લાય થયેલ ગણાશે:

૧. માલ મળ્યાની તારીખ

૨. સપ્લાયનું બીલ જે તારીખે મળેલ હોય

૩. સપ્લાયનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવેલ હોય

૪. ચોપડે માલ મળ્યાની નોંધ કરવામાં આવે.

ડ. જ્યારે માલ જાંગડ મોકલવામાં આવે ત્યારે જ્યારે સપ્લાય થયાનું નક્કી થાય અથવા માલ મોકલ્યાથી ૬ માસનો સમય બે માંથી જે વહેલુ હોય તે દિવસે સપ્લાય થયેલ ગણાશે

અ. જ્યારે ઉપરના કોઇ પણ રીતે માલ સપ્લાય થયાની તારીખ નક્કી થઇ શકે તેમ ન હોય ત્યારે:

૧. જો સમાયાંતરે પત્રકો ભરવાના હોય તેવા કેસોમાં જ્યારે પત્રક ભરવામાં આવે તે તારીખ અને

૨. અન્ય વ્યવહારોમાં જ્યારે CGST કે SGST નું ચૂકવણુ કરવામાં આવે તે તારીખ

## સપ્લાય ઓફ સર્વીસ ક્યારે થઇ ગણાય ?

અ. નીચેના સમયે સેવાઓનો સપ્લાય થયેલ ગણાશે:

૧. જ્યાં સમયસર બીલ આપવામાં આવેલ હોય ત્યાં બીલની તારીખ કે જે તારીખે ચૂકવણુ મળેલ હોય બે માંથી જે વહેલુ હોય તે

૨. જ્યાં સમયસર બીલ આપવામાં ન આવેલ હોય ત્યાં ચૂકવણુ મળ્યાની તારીખ કે જે દિવસે સેવા પૂરી થાય બે માંથી જે વહેલુ હોય તે

૩. જે દિવસે સેવા મેળવનાર ધ્વારા ચોપડે સેવા મળ્યાની નોંધ કરવામાં આવે તે દિવસ

બ. કેન્દ્ર કે રાજ્ય સરકાર ધ્વારા નોટીફીકેશન ધ્વારા નિર્દિષ્ટ સતત સપ્લાય ગણાતી સેવાના કિસ્સામાં નીચે મુજબના સમયે સેવાનો સપ્લાય થયેલ ગણાશે:

૧. જો કિંમત ચૂકવણાની તારીખ કરારમાંથી નક્કી થઇ શકતી હોય તો બીલ મળેલ હોય કે ન હોય અને ચૂકવણુ મળેલ હોય કે ન હોય પરંતુ ચૂકવણુ કરવાની તારીખ

૨. જો કિંમત ચૂકવણાની તારીખ કરારમાંથી નક્કી થઇ શક્તી ન હોય તો બીલની તારીખ અને ચૂકવણુ મળ્યાની તારીખ બે માંથી જે વહેલુ હોય તે

૩. જો કિંમત ચૂકવણુ સેવા પૂરી થવાની સાથે સંકળાયેલ હોય તો જે કાર્યથી સેવા પૂરી થાય તે તારીખ

ક. જ્યાં રીવર્સ ચાર્જ બેઝીઝ પર સેવા મેળવનારે વેરો ભરવાનો હોય ત્યાંનીચેમાંથી જે વહેલુ થાય તે સમયે સેવાનો સપ્લાય થયેલ ગણાશે:

૧. સેવા મેળવ્યાની તારીખ

૨. સેવાનું બીલ જે તારીખે મળેલ હોય

૩. સેવાનું પેમેન્ટ જે તારીખે કરવામાં આવે

૪. સેવા મળ્યાનું જે તારીખે ચોપડે નોંધવામાં આવે

ડ. જ્યારે કરાર હેઠળ સેવાઓ પૂરી થતા પહેલા સમાપ્ત થાય ત્યારે જે દિવસે સેવાઓ પૂરી થાય તે દિવસ સેવાનો સપ્લાય થયેલ ગણાશે

અ. જ્યારે ઉપરના કોઇ પણ રીતે માલ સપ્લાય થયાની તારીખ નક્કી થઇ શકે તેમ ન હોય ત્યારે:

૧. જો સમાયાંતરે પત્રકો ભરવાના હોય તેવા કેસોમાં જ્યારે પત્રક ભરવામાં આવે તે તારીખ અને

૨. અન્ય વ્યવહારોમાં જ્યારે CGSTકે SGST નું ચૂકવણુ કરવામાં આવે તે તારીખ



## વેરાના દર શું ?

માધ્યમોમાં જે ચર્ચાઓ ચાલે છે તેના કારણે એક ગેરસમજ એવી પ્રવર્તમાન છે કે ૧૮% નો સમાન દર તમામ ચીજ વસ્તુઓ અને સેવાઓ પર લાગશે. પરંતુ આમ નથી. બંધારણ સુધારા અંગેની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ GST કાઉન્સીલની રચના થશે જેની ભલામણના આધારે વેરાના દર નક્કી થશે. એ બાબત પણ સૌએ સમજી લેવી જોઇએ કે GST કાઉન્સીલ નો રોલ ભલામણ કરવાનો છે તેનો સૌએ સ્વીકાર કરવો જ પડે તેવુ કાયદા કે બંધારણ હેઠળ જરુરી નથી. આમ છતા એવી અપેક્ષા રાખવામાં આવે છે કે બધા GST કાઉન્સીલની ભલામણને અનુસરસે. અત્યારે જે ચર્ચાઓ ચાલે છે તેના પરથી એમ કહી શકાય કે કદાચ ૪ પ્રકારના વેરાના દરનું માળખુ નક્કી થશે:

૧. સંદતર માફી માલ અને સેવાઓ કે જેમા જીવન જરૂરી ચીજો અને સેવાઓનો સમાવેશ થશે

૨. ૧૨% ના દર વાળી ચીજો કે જેમા આવશ્યક ચીજ વસ્તુઓનો સમાવેશ થઇ શકે છે.

૩. ૧૮% નો દર જે રેસીડયૂરી એન્ટ્રી કે જેમાં જે કોઇ ચીજ વસ્તુ કે સેવા માટે ચોકકસ એન્ટ્રી ન હોય તે ચીજોનો સમાવેશ થશે. ૧૮% ના દરેની જે બહોળી ચર્ચાઓ ચાલે છે તે આ સ્ટાન્ડર્ડ દરના બાબતની છે.

૪. ૪૦% કે જેમા લકઝરી ચીજ વસ્તુઓનો સમાવેશ થશે.

આખરે રાજ્યની અંદર થતા માલ અને સેવાઓના સપ્લાયના વ્યવહાર પર વેરો લાદવાની રાજ્યની વિધાનસભા પાસે સત્તા છે. GST કાઉન્સીલ ફ્લોર રેટ નક્કી કરી શકે કે જેનાથી નીચા દરે કોઇ વિધાનસભા વેરો ન લાદી શકે. અને આમ SGST ના વેરાના દર દરેક રાજ્યની વિધાનસભા જ નક્કી કરશે. સૌ એક સમાન દરે વેરો લાદે તેવી અપેક્ષા રાખીએ.પ્રથમ ૫ વર્ષમા રાજ્યોને જે કાંઇ વેરાકીય ખોટ પડે તે કેન્દ્રએ ભરપાઇ કરવાનુ સ્વીકારેલ છે અને તેથી શરુઆતના સમયમાં વેરાના દરમાં સામ્યતા જાળવવામાં તકલીફ પડવી ન જોઇએ.

## ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ શાની મળે ?

માલ અને સેવાઓ પ્રાપ્ત કરતી વખતે ચૂકવેલ વેરાની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ નિયમોથી નિર્દિષ્ટ કરેલ શરતો અને નિયંત્રણોના આધારે મળવાપાત્ર રહેશે:

૧. નીચેના સંજોગોમાં જે તે તારીખથી ૧ વર્ષ પહેલા ખરીદેલ માલ કે તેમાંથી ઉત્પાદીત કે અર્ધઉત્પાદીત માલ જે સ્ટોકમાં હોય તેની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર રહેશે:

૧. ફરજીયાત નોંધણી નંબર લેવાનો થતો હોય તેના ૩૦ દિવસમાંસમયસર નોંધણી નંબર મેળવવા અરજી કરેલ હોય

૨. મરજીયાત નોંધણી નંબર મેળવેલ હોય

૩. ઉચ્ચક રકમ ભરનારવ્યક્તિ સામાન્ય જોગવાઇ મુજબ વેરો ભરવા જવાબદાર થાય

૨. જો માલ કે સેવાઓ આંશિક રીતે વેપારના કારણોસર અને આંશિક રીતે અન્ય કારણસર ઉપયોગમાં લેવામાં આવે તો જેટલે અંશે વેપાર માટે ઉપયોગમાં લેવાયેલ હોય તેટલે અંશે ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર રહેશે.

૩. જો માલ કે સેવાઓ આંશિક રીતે કરપાત્ર સપ્લાય કરવા અને આંશિક રીતે માફી સપ્લાય માટે કરવામાં આવશે તો જેટલે અંશે કરપાત્ર સપ્લાય કરવામાં આવ્યો હશે તેટલે અંશે ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર રહેશે.

૪. જો કરપાત્ર નોંધાયેલ વ્યક્તિના બંધારણમાં વેચાણ, વિલિનીકરણ, ડીમર્જર, અમાલગમેશન, લીઝ, ટ્રાન્સફર ધ્વારા ફેરફાર થતો હોય કે જેમા ચૌકકસ રીતે જવાબદારી પણ તબદીલ થતી હોય તો વણવપરાયેલ ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ જેને ધંધો તબદીલ થયો હોય તેને હસ્તાંતર કરી શકાશે.



## ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ શાની નહી મળે ?

નીચેના સંજોગોમાં માલ કે સેવાઓ પ્રાપ્ત કરતી વખતે વેરો ચૂકવાયેલ હોય તો પણ ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર રહેશે નહી:

૧. મોટર વેહીકલ. પરંતુ જો વ્યક્તિ મોટર વેહીકલના વેપાર કરતી હોય કે માલ કે મુસાફરોની હેરફેર અને વેહીકલ ચલાવવાનું શીખવવાની સેવાનો ધંધો હોય તો મોટર વેહીકલની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર રહેશે.

૨. કર્મચારીના પોતાના ઉપયોગ માટે આપવામાં આવતી સવલતો જેવી કે ખાણી પીણી, કેટરીંગ, બ્યુટી ટ્રીટમેન્ટ, આરોગ્ય, કોસ્મેટીક અને પ્લાસ્ટીક સર્જરી, કલબની મેમ્બરશીપ, આરોગ્ય અને ફીટનેશ સેન્ટર, જીવન વીમા, આરોગ્યનો વીમો અને ટ્રાવેલ બેનીફીટ

૩. પ્લાન્ટ અને મશીનરી સિવાય ના અવિભાજ્ય વર્કસ કોન્ટ્રાકટ મા ઉપયોગ માટેપ્રાપ્ત કરેલ માલ અને સેવાઓ પર ચૂકવેલ વેરો

૪. પ્લાન્ટ અને મશીનરી સિવાયના અવિભાજ્ય વર્કસ કોન્ટ્રાકટ ના અમલીકરણ માટે ઉપયોગમાં લેવાયેલ માલ કે જેની માલિકી તબદીલ થતી ન હોય

૫. ઉચ્ચક વેરાનો લાભ લીધેલ વેપારી પાસેથી કરવામાં આવેલ ખરીદી

૬. માલ અને સેવાઓ કે જેનો ખાનગી અને વ્યક્તિગત ઉપયોગ થયેલ હોય

૭. કેપીટલ ગુડઝ પરના વેરા પર ઇન્કમ ટેક્ષ કાયદા હેઠળ ડેપ્રીશીયેશનનો લાભ લીધેલ હોય

૮ જો માલ કે સેવાઓ પર ચૂકવેલ વેરાની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મેળવી લીધા બાદ વેપારી ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારે તો જેટલો માલ કે ઉત્પાદીત કે અર્ધ ઉત્પાદીત માલ સ્ટોકમાં હોય તેના પરના વેરાની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ તેની પાસે જો મળવાપાત્ર ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ બચેલ હોય તો તેમાંથી બાદ કરવાની રહેશે અન્યથા રોકડમાં ભરવાની રહેશે. આમ કર્યા બાદ જો મળવાપાત્ર ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ બચતી હોય તો તે વેપારીને મળવાપાત્ર રહેશે નહી.

૯. જો કોઇ કેપીટલ ગુડઝ પર ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મેળવી લીધા બાદ તેનો સપ્લાય કરવામાં આવે તો નિર્દિષ્ટ કરેલ ટકાવારીએ મેળવેલ ઇનપૂટ ટેક્ષ ક્રેડીટમાં ઘટાડો કરીને વધતી બાકીની રકમ અથવા કેપીટલ ગુડઝના સપ્લાયની કિંમત પરનો વેરો બેમાંથી જે વધુ હોય તે રકમ ભરવાની રહેશે.

૧૦. જે વર્ષનું બીલ હોય તે વર્ષ પુરુ થયા બાદના વર્ષના સપ્ટેમ્બર માસના પત્રક કે તે વર્ષનું વાર્ષિક પત્રક ભર્યાની તારીખ એ બેમાંથી જે વહેલુ હોય તે પછી ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગી શકાશે નહી.

## ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મેળવવા માટેની શરતો કઇ ?

ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ મેળવવા નીચેની શરતો પૂર્ણ થવી આવશ્યક છેઃ

૧. વેપારી પાસે જે માલ કે સેવાઓ પર ચૂકવેલ વેરાની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગવામાં આવતી હોય તેનુ બીલ હોવુ જરુરી છે.

૨. વેપારીને ખરેખર માલ કે સેવાઓ મળેલ હોવી જોઇએ

૩. જે વેપારી પાસેથી માલ કે સેવાઓ મળેલ હોય તેણે ખરેખર વેરો કાંતો રોકડેથી ભરીને કે તેને મળવાપાત્ર ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ સરભર કરીને ચૂકવેલ હોવો જોઇએ.

૪. જે વેપારી ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગતા હોય તેણે પત્રકો ભરેલ હોવા જોઇએ.

## ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ સરભર શાની સામે થશે ?

૧. SGST ની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ SGST ની જવાબદારી સામે પ્રથમ સરભર કરાશે અને વધે તો IGST ની જવાબદારી સામે સરભર કરાશે.

૨. CGST ની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ CGST ની જવાબદારી સામે પ્રથમ સરભર કરાશે અને વધે તો IGST ની જવાબદારી સામે સરભર કરાશે.

૩. IGST ની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ IGST ની જવાબદારી સામે પ્રથમ સરભર કરાશે, ત્યાર બાદ વધે તો CGST ની જવાબદારી સામે અને તે પછી પણ ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ વધે તો તે SGST ની જવાબદારી સામે સરભર કરાશે.

૪. SGST ની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ CGST ની જવાબદારી સામે અને CGST ની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ SGST ની જવાબદારી સામે સરભર કરી શકાશે નહી.



## નોંધણી નંબર કોણે મેળવવો પડશે ?

૧. જે વ્યકિતના સમગ્ર દેશના સમાન PAN વાળા તમામ કરપાત્ર અને માફી સપ્લાય કે જેમા નિકાસનો પણ સમાવેશ થાય તેનો વાર્ષિક ઉથલો રૂ. ૯ લાખથી વધુ થાય તેવા વેપારીએ નોંધણી નંબર લેવો પડશે. અલબત્ત જો તમામ ઉથલો માફી માલનો હશે તો નોંધણી નંબર લેવાની જરુરત રહેશે નહી. ઉથલામાં માલ્રાનો કે એજન્ટ તરીકે કરેલ વ્યવહારોનો સમાવેશ થશે.

૨. જે વેપારીઓ GST નો કાયદો આવે તે સમયે અગાઉના અમલી કાયદા હેઠળ નોંધણી નંબર ધરાવતા હશે તેઓએ નોંધણી નંબર લેવો પડશે. આવા વેપારીઓને કામચલાઉ ધોરણે ૬ માસ માટે નોંધણી નંબર આપવામાં આવશે અને નિયમોથી જરુરી હોય તે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવતા કાયમી નોંધણી નંબર આપી દેવામાં આવશે.

૩. જ્યારે જે ધંધા માટે નોંધણી નંબર ધરાવતા હોય તેને તબદીલી કરવામાં આવે તો જેને ધંધો તબદીલ થાય તે વ્યક્તિએ જે દિવસે ધંધો તબદીલ થાય તે દિવસથી અમલી નોંધણી નંબર લેવાનો રહેશે.

૪. અમાલગમેશન કે ડીમર્જર ની માન્ય થયેલ યોજના અનુસાર કોર્ટના આદેશના કારણે બે કે વધુ કંપનીઓ તબદીલ થાય તો જે દિવસે રજીસ્ટ્રાર ઓફ કંપની ધ્વારા સર્ટીફીકેટ ઓફ ઇન્કોર્પોરેશન આપવામાં આવે તે દિવસથી જો તેઓ નોંધણી નંબર ધરાવતા ન હોય તો તે લેવાનો રહેશે.

## ફરજીયાત નોંધણી નંબર કોણે મેળવવાનો રહેશે ?

નીચેની વ્યક્તિઓએ તેમનો ટર્નઓવર ગમે તેટલો હોય છતા ફરજીયાત નોંધણી નંબર લેવાનો રહેશેઃ

૧. જે વ્યક્તિ આંતર રાજ્ય માલ કે સેવા સપ્લાય કરતી હોય

૨. કોઇક વખ્ત જ માલ કે સેવાઓના સપ્લાયનો વ્યવહાર કરનાર કેશ્યુલ કરપાત્ર વ્યક્તિ

૩. રીવર્સ ચાર્જ બેઝીઝ પર વેરો ભરવા જવાબદાર વ્યક્તિ

૪. નોન રેસીડન્ટ કરપાત્ર વ્યક્તિ

૫. જે વ્યક્તિઓ ચૂકવણુ કરતી વખતે કરકપાત કરવા બંધાયેલ છે. સરકારી કે અર્ધ સરકારી ખાતા કે સ્થાનિક સત્તામંડળ અથવા કેન્દ્ર કે રાજ્ય સરકાર ધ્વારા કાઉનસીલની ભલામણ અનુસાર નિયુક્ત કરવામાં આવે કે જેઓએ નિર્દિષ્ઠ કરપાત્ર માલ કે સેવાઓ માટેનું કરવાનુ ચૂકવણુ વાર્ષિક રુપીયા દશ લાખથી વધુ હોય તેઓ કર કપાત કરવા બંધાયેલ છે.

૬. જે વ્યકિત અન્ય નોંધાયેલ કરપાત્ર વ્યકિત વતીથી એજન્ટ કે તે સિવાય માલ કે સેવાઓ સપ્લાય કરે છે

૭. ઇનપૂટ સર્વીસ ડીસ્ટ્રીબ્યુટર કે જેઓ તેમના અન્ય યુનીટોને સેવાઓ પેટે ચૂકવેલ વેરાની વહેંચણી કરે છે

૮. જે વ્યક્તિ ઇલેક્ટ્રોનીક કોમર્સ ઓપરેટર થકી માલ કે સેવાઓને સપ્લાય કરે છે.

૯. ઇલેક્ટ્રોનીક કોમર્સ ઓપરેટર

૧૦. એગ્રીગેટર કે જેઓ તેમની માલિકીના બ્રાન્ડ કે ટ્રેડ માર્ક હેઠળ બ્રાન્ડેડ સેવાઓ પૂરી પાડતા હોય

૧૧. કાઉન્સીલની ભલામણથી કેન્દ્ર કે રાજ્ય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવે તેવી વ્યક્તિ

## નોંધણી નંબર મેળવવાની શરતો

૧. SGST અને CSGST નંબર અને જો આંતર રાજ્ય વ્યવહારો કરતા હોય તો IGST એમ ૩ પ્રકારના નોંધણી નંબર વ્યક્તિએ લેવાના રહેશે. દરેક રાજ્યમાં અલગ નોંધણી નંબર લેવાના રહેશે.

૨. જે તારીખે વ્યક્તિ નોંધણી નંબર મેળવવા જવાબદાર હોય તે તારીખથી ૩૦ દિવસમાં તે વ્યક્તિએ નોંધણી નંબર મેળવવા અરજી કરવાની રહેશે.

૩. કોઇ વ્યક્તિને કોઇ રાજ્યમાં એકથી વધુ બીઝનેશ સેગમેન્ટ હોય તો દરેક સેગમેન્ટમાટે અલગ નોંધણી નંબર મેળવી શકશે.

૪. નોન રેસીડન્ટ કરપાત્ર વ્યક્તિ સિવાયના કેસોમાંનોંધણી નંબર મેળવવા PAN નંબર હોવો ફરજીયાત છે.

૫. નોંધણી નંબર ૧૫ ડીજીટનો હશે. જેમા પ્રથમ બે ડીજીટ એ જે તે રાજ્યને નિર્દિષ્ટ કરશે. ૩ થી ૧૨ નંબરના ડીજીટ PAN નંબરના હશે.૧૩ મો ડીજીટ રાજ્યમાં તેના કેટલા નંબર છે તે નિર્દિષ્ટ કરશે. ૧૪ મો ડીજીટ હાલ ખાલી છે અને છેલ્લો નંબર એ જે તે વ્યક્તિને ઓળખાવતો ડીજીટ રહેશે.

૬. નોંધણી નંબરની અરજી કર્યાના ૩ દિવસમાં કોઇ ખામી હોય તો તેની જે તે વ્યક્તિને જાણ કરવામાં નહી આવે તો નોંધણી નંબર આપી દેવામાં આવ્યો છે તેમ માની લેવામાં આવશે.

૭. એક કાયદા હેઠળ નોંધણી નંબર આપવામાં આવે તો બીજા કાયદામાં પણ તે અપાયાનુ ગણી લેવામાં આવશે અને તેથી વિપરીત એક કાયદામાં નામંજૂર થશે તો બીજા કાયદામાં પણ તે નામંજૂર ગણાશે.

૮. કોઇ વ્યક્તિ નોંધણી નંબર લેવા કાયદા હેઠળ જવાબદાર ન હોય પરંતુ મરજીયાત પણે તેઓ નોંધણી નંબર મેળવવા માંગતા હોય તો તેઓને નોંધણી નંબર આપવામાં આવશે.



## ઉચ્ચક વેરાનો વિકલ્પ

૧. જે વ્યકિતનો વાર્ષિક ટર્નઓવર રુપિયા ૫૦ લાખથી ઓછો હોય તેઓને ૧ ટકાથી ઓછા નહી તેવા દરે ઉચ્ચક વેરા ભરવાનો વિકલ્પ સ્વીકારવાની પરવાનગી આપવામાં આવશે.

૨. જે વ્યક્તિ ઉચ્ચક વેરાનો વિકલ્પ લેવા માંગતી હોય તેનો જે PANહોય તે PAN ધરાવતીતમામ નોંધાયેલ કરપાત્ર વ્યક્તિએ ઉચ્ચક વેરા માટે અરજી કરવાની રહેશે.

૩. આંતર રાજ્ય માલ કે સેવાઓ પૂરી પાડતી વ્યક્તિને ઉચ્ચક વેરાનો વિકલ્પ આપવામાં આવશે નહી.

૪. જે વ્યક્તિએ ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારેલ હશે તેઓ વેરો ઉઘરાવી શકશે નહી.

૫. જે વ્યક્તિ ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારશે તેને ઈનપૂટ ટેક્ષ ક્રેડીટ મળશે નહી.

૬. જો કોઇ વ્યક્તિને ખોટી રીતે ઉચ્ચક વેરાનો વિકલ્પ આપવામાં આવ્યો હોય તો કાયદા મુજબની ભરવાપાત્ર વેરાની રકમ ઉપરાંત વેરાની રકમ જેટલો દંડ ભરવા તે જવાબદાર રહેશે.દંડ કરતા પહેલા તે વ્યક્તિને સાંભળવાની વાજબી તક આપવામાં આવશે

## બીલો કેવા બનાવવાના રહેશે ?

૧. નોંધાયેલ કરપાત્ર વ્યક્તિએ કરપાત્ર માલ કે કરપાત્ર સેવાઓ સપ્લાય કરવા માટે ટેક્ષ ઇન્વોઇસ આપવાનુ રહેશે. બીલમાં માલનું વર્ણન, માલનો જથ્થો, માલની કિંમત અને લગાવેલ વેરાની અને નિયમોથી નિર્ધારીત કરવામાં આવે તે માહિત સામેલ કરવાની રહેશે.

૨. જો વ્યક્તિ જ્યારે વહેવાર થાય ત્યારે નોંધાયેલ ન હોય તો તેઓએ સાદુ બીલ આપવાનુ રહેશે અને જે તારીખથી અમલી નોંધણી નંબર આપવામાં આવે તે તારીખથી જે તારીખે નોંધણી નંબર આપવામાં આવે તે સમય માટે રીવાઇઝડ બીલ આપી શકાશે.

૩. માફી માલ કે સેવાઓ આપનાર કે ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર વ્યક્તિએ બીલ ઓફ સપ્લાય આપવાનું રહેશે.



## પત્રકો કેમ ભરશો ?

૧. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર વ્યક્તિએ જે તે ત્રિમાસ પૂરા થયેથી ૧૮ દિવસમાં ઇલેકટ્રોનીકલી રીટર્ન ભરવાનુ રહેશે.

૨. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર શિવાયની વ્યકિતઓએ જે તે માસ પૂરા થયેથી ૧૦ દિવસમાં પોતે કરેલ સપ્લાયને લગતા બીલોની માહિતીનું પત્રક ભરવાનુ રહેશે અને તેની નકલ માલ કે સેવાઓ પ્રાપ્ત કરનારને આપવાની રહેશે.

૩. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર શિવાયની વ્યકિતઓએ જે તે માસ પૂરા થયેથી ૧૫ દિવસમાં પોતે મેળવેલ માલ કે સેવાને લગતા બીલો અને મળેલ ક્રેડીટ અને ડેબીટ નોટની માહિતીનું પત્રક ભરવાનુ રહેશે.

૪. ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર શિવાયની વ્યકિતઓએ જે તે માસ પૂરા થયેથી ૨૦ દિવસમાંમાસિક પત્રક ભરવાનુ રહેશે.

૫. પત્રક પ્રમાણેનો ભરવાપાત્ર વેરો પત્રક ભરવાની છેલ્લી તારીખ પહેલા ઇલેકટ્રોનીકલી ભરવાનો રહેશે.

૬. વેરો ભર્યા શિવાયનું પત્રક કાયદેસરનુ ગણાશે નહી.

૭. આગલા સમયનું પત્રક ભરવાનુ બાકી હશે તો પછીના સમયનુ પત્રક ભરી શકાશે નહી.

૮. માલ કે સેવાનો સપ્લાય કર્યો હોય કે ન હોય તમામ નોંધાયેલ વ્યક્તિઓએ પત્રક ભરવાનું રહેશે.

૯. પત્રક ભરી દીધા પછી તેમા કોઇ ભૂલ જણાય તો રીવાઇઝડ પત્રક ભરી શકાશે પરંતુ જે તે વર્ષ પુરુ થયા પછીના વર્ષના સપ્ટેમ્બર માસના કે બીજા ત્રિમાસીક રીટર્ન અને વાર્ષિક પત્રક ભર્યાની તારીખ બેમાંથી જે વહેલુ હોય તે પછી રીવાઇઝડ પત્રક ભરી શકાશે નહી.

૧૦. વાર્ષિક પત્રક જે તે વર્ષ પુરુ થાય પછીના ૩૧ ડીસેમ્બર સુધીમાં ભરવાનુ રહેશે.

## પત્રકોની મેળવણી

માલ કે સેવાના સપ્લાય કરનાર દ્વારા જે તે માસ પૂરા થયેથી ૧૦ દિવસમાં પત્રક ભરીને પૂરી પાડેલ સપ્લાયની માહિતીની માલ કે સેવા પ્રાપ્ત કરનાર વ્યક્તિ દ્વારા જે તે માસ પૂરા થયેથી ૧૫ દિવસમાં પત્રક ભરીને આપવામા આવેલ માહિતીની સાથે મેળવણી કરવામાં આવશે. જો બન્ને મળી જશે તો તે સ્વીકારામાનું માલ કે સેવાઓ પ્રાપ્ત કરનારને જણાવવામાં આવશે, પરંતુ જો એમ જણાશે કે માલ કે સેવા પ્રાપ્ત કરનારે માંગેલ ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ સપ્લાય કરનારે સ્વીકારેલ જવાબદારી કરતા વધુ છે તો આવી વિસંગતતાની માહિતી બન્ને પક્ષકારોને ઇલેક્ટ્રોનીકલી આપવામાં આવશે. માલ કે સેવાઓ પ્રાપ્ત કરનાર દ્વારા બે કે વધુ વખત એક જ વ્યવહારની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગવામાં આવી હશે તો તેની માહિતી માલ કે સેવાઓ પ્રાપ્ત કરનારને આપવામાં આવશે. જે માસમાં વિસંગતાની જાણ કરવામાં આવી હોય તે માસના પત્રકમાં માલ કે સેવાના સપ્લાય કરનારે ભૂલ સુધારેલ ન હોય તો તે પછીના પત્રકમાં માલ કે સેવા પ્રાપ્ત કરનારે તેટલે અંશે વેરાની જવાબદારી વ્યાજ સાથે સ્વીકારવી પડશે.

આજ પ્રમાણે જ્યાં બેવડી વખત ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગીને વધુ ઇનપૂટ ટેક્ષ ક્રેડીટ માંગવામાં આવી હોય ત્યાં જે માસમાં આ અંગેની જાણ કરવામાં આવે તે માસના પત્રકમાં તેટલે અંશે વેરાની જવાબદારી માલ કે સેવા પ્રાપ્ત કરનારે વધુ સ્વીકારવાની રહેશે.

જો પછીથી માલ કે સેવા સપ્લાય કરનાર રીવાઇઝડ પત્રક ભરીને પણ પોતે કરેલ ભૂલ સુધારી લે તો માલ કે સેવા પ્રાપ્ત કરનારે અગાઉ સ્વીકારેલ વધારાની વ્યાજ સહીતની જવાબદારી ઓછી કરી શકાશે.

આવી જ રીતે જ્યારે માલ કે સેવા સપ્લાય કરનારે પોતાની આઉટ પૂટ ટેક્ષ જવાબદારીમાં ઘટાડો કરેલ હોય અને સાથે સાથે તે પ્રાપ્ત કરનાર દ્વારા ઇનપૂટ ટેક્ષ ક્રેડીટમાં ઘટાડો કરવામાં આવેલ હોય તો તેની માહિતી સપ્લાયરને આપવામાં આવશે. જો સપ્લાયરે ઘટાડો કરેલ હોયપરંતુ માલ કે સેવા પ્રાપ્ત કરનારે તેની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટમા ઘટાડો કરેલ ન હોય તો તેની જાણ બન્ને પક્ષકારોને કરવામાં આવશે.જો બે કે વધુ વખત એક જ દાવો બાદ માંગવામાં આવેલ હશે તો તેની જાણ પણ માલ કે સેવા સપ્લાય કરનારને આપવામાં આવશે. જો કોઇ તફાવત હોય તેની માહિતી આપ્યા બાદ પણ જે માસમાં માહિતી આપવામાં આવી હોય તે માસના પત્રકમાં માલ કે સેવા પ્રાપ્ત કરનારે તેની ઇનપૂટ ટેક્ષ ક્રેડીટમાં ઘટાડો કરેલ નહી હોય તો તે પછીના માસના પત્રકમાં માલ કે સેવા સપ્લાય કરનારની આઉટ પૂટ ટેક્ષ જવાબદારીમાંવ્યાજ સહીત વધારો કરવામાં આવશે. આઉટ પૂટ ટેક્ષ મા બેવડા ઘટાડાના કેસમાંસપ્લાયરની જે તે માસની આઉટ પૂટ ટેક્ષ જવાબદારીમાં વધારો કરી દેવામાં આવશે.જો માલ કે સેવા પ્રાપ્ત કરનાર વ્યક્તિ દ્વારા રીવાઇઝડ પત્રક ભરીને ઇનપૂટ ટેક્ષ ક્રેડીટમાં ઘટાડો સ્વીકારી લેવામાં આવશે તો માલ કે સેવા સપ્લાય કરનાર વ્યક્તિ અગાઉ ઉપેરેલ વ્યાજ સહીતની આઉટ પૂટ ટેક્ષ જવાબદારીમાં ઘટાડો કરી શકશે.

---

નોંધ : આ પુસ્તિકામાં જે માહિતી આપવામાં આવી છે તે GST ના મોડલ લો આધારીત છે. પાલમિન્ટ અને રાજ્યની વિધાનસભા દ્વારા ઘડવામાં આવનાર કાયદાઓમાં ફેરફાર હોઇ શકે છે.



Gujarat Chamber of Commerce & Industry
Shri Ambica Mills-Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad-380 009
Tel. : 079 - 2658 2301-2-3-4
E-mail : gcci@gujaratchamber.org • Website : www.gujaratchamber.org